RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 354* Date: 14.10.2023,Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ’ધારાસભ્યોની અયોગ્યતા મામલે ચૂંટણી પહેલાં નિર્ણય લો’, મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકરને સુપ્રીમનું અલ્ટીમેટમ





અરજીમાં કોર્ટને મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષને કેટલાક ધારાસભ્યો સામેની અયોગ્યતાની કાર્યવાહી પર તાત્કાલિક નિર્ણય લેવાનો નિર્દેશ આપવાની માગ કરાઈ સુપ્રીમકોર્ટે શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથ (જીરૈદૃ જીહટ્ટ ેંમ્) અને એનસીપી (દ્રઝઁ)ના શરદ પવારની અરજીઓ પર આજે સુનાવણી હાથ ધરી હતી. અરજીમાં કોર્ટને મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષને કેટલાક ધારાસભ્યો સામેની અયોગ્યતાની કાર્યવાહી પર તાત્કાલિક નિર્ણય લેવાનો નિર્દેશ આપવાની માગ કરાઈ હતી.

વિધાનસભા અધ્યક્ષને સલાહની જરૂર

સુનાવણી દરમિયાન સુપ્રીમકોર્ટે (જીૌદ્બી ર્ઝ્ર) સોલિસીટર જનરલ તુષાર મહેતાને કહ્યું કે કોઈએ મહારાષ્ટ્ર વિધાનસભા સ્પીકરને સલાહ આપવી પડશે કે તે કોર્ટના આદેશને ફગાવી ના શકે.

જૂન બાદથી કોઈ કાર્યવાહી થઈ નથી

કોર્ટે કહ્યું કે છેલ્લી વખતે અમે વિચાર્યું હતું કે સ્પીકર સારી રીતે મામલાને સમજતા હશે. સુપ્રીમકોર્ટે કહ્યું કે આ મામલે પગલાં ભરવા સ્પીકરને અનિશ્ચિત કાળ સુધીના સમયની જરૂર ન હોય. સ્પીકરે ઝડપી નિર્ણય કરી એ બતાવવું જોઈએ કે તેઓ આ મામલાને ગંભીરતાથી લઈ રહ્યા છે. જૂન બાદથી આ મામલે કોઈ કાર્યવાહી થઈ નથી.

સુપ્રીમકોર્ટે નક્કી કરી ડેડલાઈન

સુપ્રીમકોર્ટે કહ્યું કે સ્પીકરે કોઈ દેખાડો ન કરવો જોઈએ. સુનાવણી થવી જોઈએ. સુપ્રીમકોર્ટનું માનવું છે કે જો ૭ ઓક્ટોબર સુધીમાં મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષ દ્વારા યોગ્ય ડેડલાઈન નક્કી નહીં કરવામાં આવે કે ક્યાં સુધીમાં તેઓ નિર્ણય કરશે તો એક મહિનાનો સમય નક્કી થયાનો ફરજિયાત આદેશ આપીશું કેમ કે આદેશનું પાલન થઈ રહ્યું નથી. કોર્ટે કહ્યું કે કમ સે કમ આગામી ચૂંટણી પહેલાં ધારાસભ્યોની અયોગ્યતા અંગે નિર્ણય થઈ જવો જોઈએ.

## ઈઝરાયલ હમાસ સામેના યુદ્ધમાં ભારતનો સપોર્ટ જોઈ ભાવુક થયું

નવીદિલ્હી,તા.૧૩

ભારતે પહેલા જ દિવસે ઈઝરાયેલ પર હમાસના હુમલાની આકરી ટીકા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને આ મુશ્કેલ સમયમાં ઈઝરાયલની સાથે ઉભા રહેવાની વાત કરી હતી. હમાસ સાથેના યુદ્ધમાં ભારત તરફથી મળેલા સમર્થનને લઈને ઈઝરાયેલ ભાવુક છે. તે આ માટે ભારતનો આભાર માનતા થાકતા નથી. ભારતમાં ઈઝરાયલના રાજદૂત નાઓર ગિલોને કહ્યું છે કે ઈઝરાયલીઓ ભારતીયો તરફથી મળેલા સમર્થનને ભૂલી શકશે નહીં. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો ઉલ્લેખ કરતાં ગિલોને કહ્યું કે તેઓ હુમલાની ટીકા કરનારા પ્રથમ વિશ્વ નેતાઓમાંના એક હતા. શનિવારે જે દિવસે ઈઝરાયેલ પર હુમલો થયો હતો, પીએમ મોદીએ તેની ખુલ્લેઆમ નિંદા કરી હતી. ગિલોને કહ્યું કે ભારત અને ઈઝરાયેલ વચ્ચેની નિકટતા શબ્દોમાં વ્યક્ત કરી શકાય તેમ નથી.ગયા શનિવારે હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. ત્યારથી બંને વચ્ચે યુદ્ધ શરૂ થયું. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં સેંકડો લોકોના જીવ ગયા છે. ભારતે હમાસ કે પેલેસ્ટાઈનનું નામ લીધા વગર હુમલાની નિંદા કરી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે ભારત આ મુશ્કેલ સમયમાં ઈઝરાયેલ સાથે એકતામાં ઊભું છે.

## ઈઝરાયલ-હમાસ જંગ વચ્ચે દિલ્હીમાં હાઈ એલર્ટ, વિદેશ મંત્રી જયશંકરની સુરક્ષામાં પણ વધારો

નવીદિલ્હી,તા.૧૩


કેન્દ્રીય ગૃહ મંત્રાલયે વિદેશ મંત્રી એસ જયશંકરની સુરક્ષાને ઢ શ્રેણીમાં અપગ્રેડ કરી છે. આ બાબતની જાણકારી ધરાવતા લોકોએ આ માહિતી આપી હતી. કેનેડામાં ખાલિસ્તાની જૂથોએ નવા પોસ્ટરો લગાવ્યા છે, જેમાં વિદેશ મંત્રી જયશંકર તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીરો છે. પોસ્ટરોમાં તેને કેનેડાનો દુશ્મન ગણાવીને તેની હત્યાની માંગ કરવામાં આવી છે. જેને ધ્યાનમાં રાખીને જયશંકરની સુરક્ષા વધારી દેવામાં આવી છે. એક અહેવાલ મુજબ ખાલિસ્તાન જૂથ ‘સિખ ફોર જસ્ટિસ‘ એ મંગળવારે પોસ્ટરો લગાવ્યા હતા. તેણે ખાલિસ્તાનના રૂપમાં અલગ દેશ માટે જનમત લેવાની પણ જાહેરાત કરી હતી. આ બધુ બ્રિટિશ કોલંબિયાના સરે સ્થિત એ જ ગુરુદ્વારાની બહાર કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર હતો. આ ગુરુદ્વારાની બહાર, આ વર્ષે ૧૮ જૂને, નિજ્જરને અ જા ણ ય ા હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી હતી.



ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના આતંકી સંગઠન હમાસ વચ્ચે છેલ્લા ૭ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધની પરોક્ષ અસર હવે ભારતના શહેરોમાં પણ દેખાઈ રહી છે. ખરેખર, ગુપ્તચર એજન્સીઓએ દિલ્હીની સાથે ઘણા શહેરો માટે એલર્ટ જાહેર કર્યું છે. એજન્સીઓનું કહેવું છે કે આજે દેશની રાજધાની સહિત અનેક શહેરોમાં પ્રદર્શનની આડમાં વાતાવરણ બગાડવાનો પ્રયાસ થઈ શકે છે. આ ઈન્ટેલિજન્સ ઈનપુટ બાદ દિલ્હી પોલીસ હવે એલર્ટ મોડ પર આવી ગઈ છે. ઈન્ટેલિજન્સ ઈનપુટ મળ્યા બાદ દિલ્હીના તમામ જિલ્લાના અધિકારીઓ શુક્રવારની નમાજ દરમિયાન ભારે પોલીસ બળ સાથે રસ્તા પર હાજર રહેશે. ઈનપુટ મુજબ દિલ્હી સહિત અન્ય કેટલાક શહેરોમાં વાતાવરણ બગાડવાનો પ્રયાસ થઈ શકે છે. આપને જણાવી દઈએ કે દિલ્હી પોલીસે ઈઝરાયેલની એમ્બેસી સહિત યહૂદીઓ અને યહૂદી ધાર્મિક સ્થળો સાથે જોડાયેલા તમામ સ્થળો પર સુરક્ષા વધારી દીધી છે.

પોસ્ટર્સ પર લખવામાં આવ્યું છે કે ૨૯ ઓક્ટોબરે વેનકુવરમાં જનમત સંગ્રહ થશે. આ પહેલા ૨૧ ઓક્ટોબરે સરેમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસની બહાર પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. આ મામલાની જાણકારી ધરાવતા એક વ્યક્તિએ કહ્યું કે પોસ્ટરમાં કેનેડામાં ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્મા, કાઉન્સિલ જનરલ મનીષ અને અપૂર્વ શ્રીવાસ્તવની હત્યા વિશે પણ વાત કરવામાં આવી છે. આ પહેલા પણ ભારતીય અધિકારીઓને આવા પોસ્ટર લગાવીને ચેતવણી આપવામાં આવી છે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર



**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ધોરણ ૧૦, સંસ્કૃત પ્રથમા, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત માધ્યમના ઉમેદવારોની માર્ચ ૨૦૨૪માં લેવાનારી પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ૧૧-૩-૨૦૨૪ થી ૨૬-૩-૨૦૨૪ દરમિયાન આ પરીક્ષાઓ યોજાશે.**

**ગુજકેટની પરીક્ષા ૨ એપ્રિલ ૨૦૨૪એ લેવાશે. જેમાં ગુજકેટમાં ચાર વિષયની પરીક્ષા લેવાશે. આ માટે ભૌતિક વિજ્ઞાન, રાસાયણિક વિજ્ઞાનની સાથે જીવ વિજ્ઞાન અને ગણિતની પરીક્ષા લેવાશે. એન્જિનિયરિંગ, પેરા મેડિકલમાં જવા માટે ગુજકેટની પરીક્ષા લેવામાં આવે છે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ત્રણેય ભાષામાં પરીક્ષા યોજાશે તે અંગે માહિતી આપી છે.**

**ગુજકેટની પરીક્ષા ૨ એપ્રિલ ૨૦૨૪એ લેવાશે. જેમાં ગુજકેટમાં ચાર વિષયની પરીક્ષા લેવાશે. આ માટે ભૌતિક વિજ્ઞાન, રાસાયણિક વિજ્ઞાનની સાથે જીવ વિજ્ઞાન અને ગણિતની પરીક્ષા લેવાશે. એન્જિનિયરિંગ, પેરા મેડિકલમાં જવા માટે ગુજકેટની પરીક્ષા લેવામાં આવે છે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ત્રણેય ભાષામાં પરીક્ષા યોજાશે તે અંગે માહિતી આપી છે.**

## ઈડર ખાતે પી.સી એન્ડ પી.એન ડી ટી એક્ટ અંતર્ગત એક દિવસીય વર્કશોપ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના ઈડરના તાલુકા હેલ્થ કચેરી ઈડર ખાતે પી.સી એન્ડ પી.એન ડી ટી એક્ટના માટે સમિતિના ચેરમેન કૌશલ્યા કુવરબાના અધ્યક્ષ સ્થાને એક દિવસિય વર્કશોપ યોજાયો હતો આ વર્કશોપમા તાલુકાના સરપંચશ્રીઓ, તાલુકા સદસ્યશ્રીઓ તથા લક્ષીત દંપતીઓનો વર્કશોપનુ આયોજન કરવામા આવ્યુ જેમા ઈડર તાલુકાનો સેક્સ રેશીયો તથા ગામવાઈઝ સેક્સ રેશીયો અંગે માહિતી આપવામા આવી હતી વધુમા પી.સી.એન્ડ પી.એન ડી.ટી



એક્ટના અમલીકરણ અંગે ઈન.તાલુકા હેલ્થ ઓફિસર ડો. નરેન્દ્ર શર્મા દ્વારા વિગતે માર્ગદર્શન આપવામા આવ્યુ વર્કશોપના અંતે હાજર રહેલ મહાનુભાવો દ્વારા સ્ત્રી ભ્રુણ હત્યા ન થાય તે માટે પ્રતિજ્ઞા લેવામા આવી હતી

## ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઢોરવાડાઓ અને દબાણો દુર કરવામાં આવ્યા

ગાંધીનગર,

ગાંધીનગર શહેરમાં ઘણા સમયથી ગેરકાયદેસર રીતે દબાણ કરીને ઢોરવાડા ઊભા કરનારા ઈસમો સામે મહાનગરપાલિકાની ટીમ દ્વારા આજ રોજ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા તથા સીએનસીડી શાખા દ્વારા ડ્રાઈવ ચલાવી સરકારી જમીન પર થયેલા ઢોરવાડાના દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૦૪ ઢોરવાડા અને અંદાજે ૫૦ જેટલા પશુઓને હટાવવામાં આવ્યા. જેમાં સેક્ટર ૨૬ગ્રીન સીટીમાંથી ૦૧ ઢોરવાડાઓ અને અંદાજે ૦૫ જેટલા પશુઓ હટાવવામાં આવ્યા હતા. સેક્ટર ૨૫ ૈંઙ્ઘઝમાંથી ૦૨ ઢોરવાડા અને અંદાજે ૩૦ જેટલા પશુઓ હટાવવામાં આવ્યા હતા. તેમજ સેક્ટર ૨૮ માંથી ૦૧ ઢોરવાડો અને અંદાજે ૧૫ જેટલા પશુઓ હટાવવામાં આવ્યા. આ ઢોરવાડાઓ દુર કરવામાં આવતા શહેરીજનોને ગંદકી અને ઢોરના ત્રાસથી મુક્ત કરવામાં અસરકારતા જોવા મળી છે અને કેટલાક પશુ માલિકો ઢોર-ઢાંખર સાથે



અન્ય વિસ્તારમાં સ્થળાંતરીત થયા છે.

આ સમગ્ર ઝુંબેશ દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકાની સીએનસીડી શાખા તથા એસ્ટેટ શાખાની બે-બે ટીમ, એસઆરપીએફના હથિયારધારી જવાનો, લેડીઝ અને જેન્ટ્સ કોન્સ્ટેબલ સહિત એક પીસીઆર વાન, વિડિયો રેકૉર્ડિંગ માટે કેમેરા પર્સન, જેસીબી તથા જરૂરી અન્ય મશીનરી સાથે કામગીરી કરવામાં આવી હતી. આવનારા દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રાખવામાં આવશે.

## ગઝલ

શુન્ય કેવળ આપણો આધાર છે,
જે છલોછલ પૂર્ણ અમરત સાર છે.
કેટલી જાહોજલાલી હોય છે,
જ્યાં હ્રદયમાં પ્રેમ પારાવાર છે.
છે અનોખી ઝિંદગીની પણ ઝલક,
લાગણી હરદમ ઝરણ ઝણકાર છે.
છે સહારો અજનબી ઝિંદાદિલી,
હોંસલો છે બુલંદી -પડકાર છે.
પળ પળેપળ મૌનનો સંગાથ છે,
જ્યાં પણજ જેવો હ્રદય ટંકાર છે.

-- કંચન અમીન --

## ઉણી

**ટચલી આંગળીએ ગૌવર્ધન ઉંચક્યો,**
**ગોકુળની રૈયત કાનજીની સદા ઋણી છે.**

**લક્કડખોદની જેમ ખોદમખોદ કરે છે,**
**જુઓ ઇચ્છાઓની ધારદાર છીણી છે**

**તમે કશું ભસ્મીભૂત કરી શકવાના નથી,**
**જુઓ તમારી તીસરી આંખ ઝીણી છે!!**

**રાજા રાવણ હણાયો કથા પુરાણી છે**
**આ તો પાશેરામાં પહેલીવહેલી પુણી છે,**

**નિંદા,અસૂયા,લોભ,લાલચ,વાસના,મંદ,**
**લો મારવા જેવા અસુરોની યાદી ઉણી છે.**

**ભરત વૈષ્ણવ**

તંત્રી લેખ......

# વિપક્ષી એકતામાં ડખો

પંજાબની આપ સરકારે કોંગ્રેસના ધારાસભ્ય સુખપાલ સિંહ ખેહરાની ધરપકડ કર્યા બાદ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે આરોપ-પ્રત્યારોપનો સિલસિલો ચાલુ થઈ ગયો છે તેનું આશ્ચર્ય નહીં. ખેહરાને માદક પદાર્થોની તસ્કરી સાથે જોડાયેલા કેસમાં ધરપકડ કરવામાં આવી છે. એક સમયે આમ આદમી પાર્ટીમાં રહી ચૂકેલા ખેહરાની આ મામલે પહેલાં પણ ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ ત્યારે તેમને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી ગઈ હતી. કહેવું મુશ્કેલ છે કે પંજાબ પોલીસે આ જૂના કેસમાં તેમના વિરુદ્ઘ એવું શું મળ્યું કે તેમની ધરપકડ કરી લીધી, પરંતુ એટલું ચોક્કસ છે કે તેમની ધરપકડ બાદ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં સમન્વયની શક્યતા વધુ ઘટતી દેખાઈ રહી છે. આ બંને પક્ષો વિપક્ષી ગઠબંધનના ઘટક છે અને એકજુટ થઈને ભાજપનો મુકાબલો કરવાનો દમ ભરી રહ્યા છે. જોકે પંજાબ અને દિલ્હીના કોંગ્રેસના નેતા આમ આદમી પાર્ટી સાથે જવા તૈયાર નથી, પરંતુ કોંગ્રેસ નેતૃત્વ આ બંને રાજ્યોના પોતાના નેતાઓની વાંધાને મહત્ત્વ નથી આપી રહ્યા. એ સમય જ બતાવશે કે કોંગ્રેસ નેતૃત્વ સુખપાલ સિંહ ખેહરાની ધરપકડ બાદ પણ આમ આદમી પાર્ટી પ્રત્યે નરમ બની રહેશે કે નહીં, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે અરવિંદ કેજરીવાલે મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં એ સીટો પર પણ પોતાના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે, જ્યાં કોંગ્રેસના ધારાસભ્યો છે. તેઓ રાજસ્થાનમાં પણ ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે.

આખરે આ કેવું ગઠબંધન છે, જેનો એક ઘટક બીજાનાં મૂળિયાં કાપવા તત્પર છે? પ્રશ્ન એ પણ છે કે આ પ્રકારના ઘટનાક્રમથી જનતાને એ સંદેશ જઈ શકશે કે વિપક્ષી ગઠબંધન એકજૂટ છે? વિપક્ષી ગઠબંધન સામે સમસ્યા માત્ર પંજાબ અને દિલ્હીમાં જ નથી. બંગાળમાં કોંગ્રેસના પ્રમુખ નેતા અને લોકસભામાં પાર્ટીના નેતા અધીર રંજન ચૌધરી મુખ્યમંત્રી મમતા બેનર્જી પર શાબ્દિક હુમલા કરવાનો કોઈ મોકો નથી છોડી રહ્યા. મમતા પણ કેટલીય વાર એ સ્પષ્ટ કરી ચૂક્યાં છે કે તેમને બંગાળમાં કોંગ્રેસ અને ડાબેરીઓનો સાથ પસંદ નથી.

# કોની સાથે ભાગીદારી કરવી અને કોને વેવાઇ બનાવવો ....

કોઇ ની સાથે ભાગીદારી કરવી કે વેવાઈ બનાવવા એટલે જીંદગીના અમુક વર્ષો આપવા અને સંપતી - સમય અને સંપતી આપવી ...જે આગળ જતા મનદુઃખ ના કારણ બને છે હોશીયાર માણસ તો બધુય ચકાસી ને લે છે પણ સામાન્ય માણસ તો લગભગ લગભગ કોઈ ના કહેવા પર સબંધ બાંધે છે અને ક્યારેક ટાણે કટાણે છેતરાય છે કોઈ ને વેવાઈ ભાગીદાર કરતા પહેલા થોડોક અભ્યાસ કરવો જેમ કે ...

જ રોટલા ની ઉદારતા લ જેની સાથે પણ આ સબંધ બાંધો તે પહેલા તેની રોટલા ની ઉદારતા ચકાસો એક બે વાર જાણી કરી ભોજન સમયે જ મળો જો તેના માં રોટલા ની ઉદારતા કે વિવેક ના હોય તો આગળ સબંધ વધારવા નુ માંડી વાળવો ભલે ઈ શિરા પકવાન ના ખવડાવે પણ ઈ ખાય ઈ જ ખવડાવે પણ ખવડાવવા ની હોશ હોવી જોઈએ ...એમ કહે કે અરે પહેલા થી કહ્યુ હત તો ભેગા જમત ને એવી સુફીયાણી સલાહ થી છેટા રેજો અને જો તમારા ઘરે થી ટીફીન આવે તો જો ઘર માં અન્નપુર્ણા બેઠા હોય તો બે જણા જમી શકે એટલુ જ ટીફીન હોય ...

જ ખીસ્સા ની ઉદારતા સાથે પ્રવાસ કરવો - જેની સાથે ઉપરોક્ત સબંધ બાંધવા છે તેની સાથે પ્રવાસ કરવો તે કેવી અગવડ ભોગવી ને સગવડ ભોગવે છે કે આપે છે સમયે ખીસ્સા માં હાથ નાખે છે કે ખાલી સારૂ લાગાડવા નો વિવેક જ કરે છે તે ચકાસવુ ... જો ૨૦ રૂપીયા આપવા ના હોય ત્યા ૫૦૦/૧૦૦૦ની મોટી નોટ જ કાઢે તો સમજવુ કે આ દર્શન જ મોટા છે બાકી કામ આવે તેમ નથી માટે દુર રહેવુ... આમ સબંધ પહેલા નો પ્રવાસ એ આરીસો છસબંધ ની ઉદારતા - જો આપણે જેની સાથે સબંધ કરવા ઈચ્છીએ તેના સગા ભાઈ બહેન ના સબંધ કે કુટુંબીજનો સાથે ના સબંધ કોઈ મોટા દેખીતા કારણ સિવાય લાંબા સમય થી બગડેલા હોય અથવા માં બાપ એકલા રહેતા હોય તો તેની સાથે સબંધ ના કરવો જે પોતાના લોહી ના સબંધ માં પણ જતુ કરી ને નમી નથી શકતા તે આપણા સાથે શું કરશે ?

જ સ્વભાવ ની ઉદારતા - જો કોઈ ની સાથે સબંધ કરો તો એ ચકાસ જો કે તેના કામવાળા- પ્રેસ વાળા - છાપા વાળા - શાક વાળા- દુધ વાળા વગરે રોજ સંપર્ક મા આવનારા સાથે ના સબંધ કેવા છે જો તેઓ જ રોજ બદલતા બદલતા રહેતા હોય તો સમજવુ કે અહીં કચકચ વધુ છે અને થોડુ પણ જતું કરવા ની ઉદારતા નથી જેને ત્યાં કામ વાળી બાઈ પગાર લઈ ને પણ ત્રણ મહીના ટકતી ના હોય તેને ત્યાં આપણે કેમ પાત્ર આપવુ કે સબંધ કરવા ?

ત્વરીત મદદ કરવા ની ઉદારતા - પાડોશી સાથે ના સબંધ કેવા તેના પર થી મદદ ની ઉદારતા આવે પહેલા ના સમય માં છોકરાઓ પાડોશી ને ત્યાંજ રમતા રમતા જમી ને આવતા હતા જો છોકરાઓ ની બાબત મા કે મેઈન્ટેનન્સ ની બાબત માં પણ તકરાર રહેતી હોય તો જરા બરાબર ચકાસી ને સબંધ કરવા ...અત્યારે સબંધ કરવો હોય ત્યારે નવુ ઘર - ગાડી બધુ જોવાય છે પણ ઈતો લોન પર મળે છે મુળ છે એડજસ્ટ મેનેજમેન્ટ ની ભાવના ..જોઈ જોઈએ તો ઘણું સારૂ થાય ... નવા વેવાઈ કે ભાગીદાર કરતા આટલી પાયા ની વાત ચકાસવી

સંસાર રામાયણ
સ્વામી સચ્ચિદાનંદજી

# શું કોરા ચાંદલા અને કઢીભક્ત જે માતાજી મા નથી માનતા એમને નવરાત્રીમા ગરબા મા આવા દેવા જોઈએ?

આમના ૨ ટકા ના ટકલા ક્યાંય ઠેકાણું પડતું નથી એટલે સાધુ બનવા નુ નાટક કરે છે અને પછી બહેન દીકરીઓ પર ખરાબ નજર નાખે છે, જ્યાં સુધી આવા બધા સાધુ ને પકડી ને કઢીભક્ત એમને પોલીસ હવાલે ના કરે ત્યાં સુધી એમને નવરાત્રી મા પ્રવેશ પર રોક લાવી જોઈએ કેમ કે એમના અપલખણ્યા સાધુ નુ બધું કહ્યું માને છે. દૂધ અને દહીં મા પગ રાખવાનું જ્યાં સુધી ના ભૂલે એટલે માટે આમનો બહિષ્કાર થવો જોઈએ, ઝઘડવું હોઈ ત્યારે આ લોકો એક થઈ છે તો તમારા સાધુ ની ખરાબ આદત છે એમાં કેમ કશું બોલતા નથી એ સમજવા જેવું છે અને આવા બળાત્કારિયો આમના મંદિર મકુક્રમ કરે છે, એટલે આને હોટેલ ના દરજ્જો આપી દેવો જોઈએ , આ વ્યકિત સંપ્રદાય સનાતન વિરોધી છે અને જેમાં એમના ફાયદો નથી થતો એમા મનઘડત વાર્તા બનાવી એ પરંપરા બંધ કરવા ના ઈરાદાપૂર્વક હેતુ થી આગળ વધી રહી છે અને હવે ભક્તાણી ભેંસ કંઠી ધારી હોઈ તો એમને પ્રવેશ આપવો નહિ કેમ કે આપણે બહુ મોટુ હ્રદય દાખવ્યું, પણ જયારે ખમીરી પર વાત આવે ત્યારે કશું સાંખી ના લેવાઈ.

જો આ વખતે કોઈ નવરાત્રી નો ફાળો માંગવા આવે તો આ વાત રાજુ કરી ને ઘસાતું ના પડી દેજો કે આ લોકો ને ગરબા જોવા કે ગાવા નહિ દેવા ના કેમ કે આ અધર્મી લોકો છે. વિધર્મી કરતા અધર્મી લોકો સનાતમ ધર્મ ને વધારે નુકસાન પોનચાડી રહ્યા છે, સાધુ બનવું એ એમના માટે વિદેશ ની ધરતી પ્પાર જલસા કરવા નો માર્ગ છે

બળાત્કાર સાબિત થાઈ આને પાકડાઈ જય એટલા લગન ઓફર કરતા આમને ૨ ટકા ના ટકલા....

બોલો આને આવા સંપ્રદાય ને ગુજરાત સરકાર છાવરી રહી છે.

★જે પોતાનો વોટ વેચે નહિ એને મુરખો કેહવાઈ આ દેશની સ્થિતિ આવી થાઈ ગયી બધું એક્સપોર્ટ કરાવી ને?★

શું રાજકારણીયો દેશ વેચી દે, કેમ કે એમની કોઈ ★અકોઉન્ટાબીલિટી★ વોટર પ્રત્યે ★ઈલેકશન★ જીત્યા પછી પતી જાય તો શું વોટર પણ એવુ કહી શકે કે જો અમને ★રાજકીય પાર્ટી★ પૈસા નહિ આપે તો ★નોટા★ દબાવી દઈશું,

પછી જુવો ★આઈપીએલ★ મા ક્રિકેટરો ની હરાજી બોલાઈ, એમ તમારી ★વોટ બેંક★ નિ હારાજી બોલાસે, આવું જ કંઈક ★વ્યક્તિ સંપ્રદાય ગુજરાત★ મા સનાતન ધાર્મિ અને ★કુકી લોકો મણિપુર મા ★ (સસ્પેન્શન ઓફ ઓપરેશન ) કરીને ને ★હિન્દૂ મૈતઈ ને ★બખડ જંતર પાર્ટી★ જોડે રામ માધવ જેવા બહુ બધા લોકો જોડે કરી ને વોટ બેંક પર કબ્જો મેળવી ને ગામે ગામ કરી ને બૈઠા છે ★બિલ્ડર માફિયા★ અને ★ડાયમંડ માફિયા★ ના પૈસા થકી, પછી પાંચ વરશ માટે રાજકારણી કોના ગુલામ બની ને રેહવું પડે એ સૌને ખબર પડે એટલે પછી લોકો વોટિંગ કરવા નો છોડી દે છે, જે થાવું હોઈ તે થાઈ દેશ નુ આપણે જ્ઞાતિ, નૌકરી અને ઘર સંભાણી ને બેસ્યા રહો.

શું તમે મૂર્ખા છો તો દેશ છોડી ને જતા રહો, બાકી ઈલેકશન મા કોઈ સિદ્ધાંત ની વાતો કરવી નહિ!!!

કેમ આપણે કમાઈ કમાઈ ને બિલ્ડર માફિયા ને પૈસા આપી ને રાજકારણી ને સશક્ત કરી ને જાતે ધર્માંતરણ મા ફસાવી ને આપણા છોકરા ની કબર ખોદી રહ્યા છે, આદેશમાં રહી ને ૭૫ વરસ થી વાયદા બજાર ના તમાશા જોઈ ને . બહુ છાપા વાંચ્યા અને્ ફ ર્દ્ધઅદ્ગ??, હવે આ વ્યકિત સંપ્રદાય અને બિનરાજકીય સંસ્થા ને બંધ કરવા રોડ પર આવું પડસે, પછે એ કોઈ પણ ધર્મ ની કેમ ના હોઈ.

# દુકાનદાર અને ગ્રાહકો વચ્ચે મીઠો ચોકલેટી સંબંધ પુનઃ સ્થાપિત થાય!!

આહ! આહ! આહ! આહ!( પીન ચોંટી ગઈ છે કે શું??માલિક આગળ તો કાંઇ લખો,!!) વાહ!વાહ! વાહ!વાહ! ( પાછી પીન ચોંટી ગઈ છે કે શું??આગળ તો કાંઇ લખો.શાહરૂખખાનના ફેન છો કે તતત થયા કરે છે?,!!) કેવા એ દિવસો હતા! કેવા સોનેરી દિવસો! અવિસ્મરણીય દિવસો! ન ભૂતો ન ભવિષ્યતિ દિવસો!! એ દિવસો હજુ પણ સુંદરતમ સ્વપ્નની જેમ માનસપટલ પર સોનેરી અક્ષરે અંકિત છે.( હવે બહુ થયું. થોડું લપેટો તો સારું . સ્વપ્ન સોનેરી અક્ષરે લખવાની વાત ખાલ પલ્લે પડતી નથી.)

અમારે સતયુગ, દ્વાપર યુગ, કળયુગ કે હાલમાં ચાલતા ફેંકમફેંક યુગની વાત કરવી નથી. મહાન આર્યાવર્તની અમર કિંવદંતીઓનું આલેખન કરવું નથી.(જોયું ? ખાક જોયું? અરે, લોકડાયરામાં કલાકાર સમો બાંધે-વાતાવરણ જમાવે એમ જમાવટ કરી દીધી. મોર્ગન સ્ટેનલી તેના રિપોર્ટમાં આપણી નોંધ લેશે!!)ધી દૂધની નદીઓ કે સમુધ્ધિના શેત્રુંજય પર્વતની વાત કરવી નથી.!!

આપણે કેવી મોટી વૈશ્વિક સમસ્યાનો આપણી કોઠાસૂઝ (ભીમભાઈ-વૃકોદર ખાવાના કોઠા નહીં !!) થી હલ કરેલી છે તેની ન્યુયોર્ક ટાઈમ્સ અને અલ જજીરાએ પણ નોંધ લીધી છે.પણ, ઘર કી મુર્ગી દાલ બરાબર ન્યાયે આપણા મિડીયાએ નોંધ લીધી નથી.

આપણે વિશ્વગુરૂ બનીએ ત્યારે બનીએ. પરંતુ, પરચૂરણ ગુરૂ બની ગયા છીએ તેની કબુતરની જેમ ડોક ફૂલદાનીને અહંકારી નોંધ લેવી જોઇએ. અલબત, કવિતામાં લઘુ -ગુરૂ માત્રા હોય છે. શંકામાં વધુ ગુરૂ પ્રચલિત છે. ગુરૂ એટલે સદગુરૂ કે ઘંટાલગુરૂ હોય છે.દ્રોણાચાર્ય એ એકલવ્યના ડિસ્ટન્સ ગુરૂ હતા પાંડવો માટે ઓફલાઈન ગુરુ હતા. કેટલાક એફએમ રેડીયો ચેનલ રાત્રિના સમયે લવગુરૂ નામનો સંસ્કૃતિભંજક રેડીયો કાર્યક્રમ ઓન એર ચલાવે છે!!

કરિયાણાની દુકાન,મેડીકલ સ્ટોર,,ઝેરોકસની દુકાન, પાન પાર્લર, હેરકટિંગ સલુન, બ્યુટી પાર્લર, કોલ્ડ ડ્રિંક્સ વગેરે સ્થળોએ ખરીદી કરવા જાવ.બિલની ચુકવણી સમયે પરચૂરણ, ખુલ્લા કે છૂટા પૈસાની સમસ્યા થાય. તમે પાંચસો કે બે હજારની નોટ દુકાનદારને આપો. બિલમાં ત્ર્યાંશી રૂપિયા કે છન્નું રૂપિયા કે તેત્રીસ રૂપિયા, અડસઠ રૂપિયાની જેવી ઓડ રકમ હોય. દુકાનદાર પાસે છૂટા ન હોય!! છૂટાની રકઝકમાં ગ્રાહક ગુમાવવો પડે!! આપણા દુકાનદારો મહા હોશિયાર (સીધી રીતે ધ્રુર્ત ન કહેવાય!) છે. દુકાનદારોએ છૂટા નાણા આપવા માટે વટાવથી પરચૂરણ લાવવું પડે. સો રૂપિયાની નોટ સામે પંચાણું અગર નેવું રૂપિયાનું પરચૂરણ મળે. વટાવ આપીને મેળવેલ પરચૂરણ ગ્રાહકને આપવું એ દીકરીને સાસરે વળાવવા જેવું કપરૂં લાગે!! એટલે વિસરાયેલા સૂર જેવી વસ્તુ વિનિમય પ્રથા અમલી કરી. એમાં પણ પૂરી ખોરી નફાખોરી !! ચાલીસ-પચાસ પૈસાની એક લેખે ખરીદેલ ચોકલેટ એક રૂપિયાના પરચુરણ તરીકે પધરાવે . આ ચોકલેટ મોંડેલેઝ, નેસલે, પારલે, આઈટીસી તેમજ માર્સ બ્રાંડેડ હોય!! કયારેક લોકલ બનાવટની પણ હોય. ઘણા ગ્રાહકો ચોકલેટ સ્વીકારે નહીં અને પછી દુકાનદાર સાથે યુધ્ધ સ્તરીય ઝગડા થાય. કર્ણ અને વિકર્ણ નામના અસુરો ( ભગવાન વિષ્ણુના કાનના મેલમાંથી નિર્મિત.હવે સમજાયું કે ભગવાનના કાનમાં બે બે રાક્ષસો બની શકે તેટલો મેલ હોય તો ભગવાન તમારી કાન ફાડી નાંખે તેવી રજૂઆત કયાંથી સાંભળે?) સાથે રેસલિંગ જેવું બાહુયુધ્ધ પાંચ હજાર વરસ રીપીટ પાંચ હજાર વરસ કરેલું.!! એમ ગ્રાહક અને દુકાનદાર વચ્ચેનું યુધ્ધ વિશ્વયુદ્ધમાં તબદિલ કેમ થતું નથી તેની મને નવાઈ લાગે છે???

બસમાં મુસાફરી કરતા હોઈએ તો લેણા નીકળતા બાકી રૂપિયા ટિકિટ પાછળ કંડકટર લખી આપે. એસટી ડેપોની બારી પર ટિકિટ રજૂ કરી પૈસા મેળવી લેવાના રહે. પેટ્રોલપંપ પર પરચૂરણની સમસ્યા હોતી નથી. ત્યાં ગ્રાહક બસોનું પેટ્રોલ કે અઢીસોનું ડિઝલ કે ચાર સોનો ગેસ ભરી દે એમ એમ કહે છે! જ્યારે ટાંકી ફૂલ કરવાનું ગ્રાહક કહે ત્યારે છૂટાની રામાયણ ઉભી થાય.પાન પસંદ નામની ચોકલેટ આવતી હતી. જેનું સ્લોગન- ગજબકી મીઠાશ હતું!! જેમાં મકાનમાલિક ગુસ્સે થયા વગર પ્રેમથી કહે કે ભાડા નહીં દેના હૈ તો મકાન કયું ખાલી નહીં કરતે હો??''

ડેરી કે કરિયાણા દુકાનદાર વિઝિટિંગ કાર્ડ કે તેનાથી નાના પૂંઠા કે પ્લાસ્ટિકના કૂપન બનાવી બે,ત્રણ,પાંચ,,છ, સાત આઠ,નવ નંબર લખીને ગ્રાહકને આપી દે. રિઝર્વ બેંકની પરવાનગી સિવાય ચલણી સિક્કા બહાર પાડી છૂટાની સમસ્યા હલ કરતા હતા. ક્યારેક ગ્રાહક અગર વેપારી સામેથી ઓફર કરે કે હવે પછીની ખરીદીમાં પરચુરણ રકમ એડજેસ્ટ કરી લેજો. જેમ બેંકો નોન પરફોર્મિંગ એસેટ માંડવાળ કરવામાં પગલા તરીકે રાઈટઓફ જાહેર કરે તેવું જ આ પગલું કહેવાય!! જ્યારે ખરીદી કરવા નાના બાળકો સાથે ગયા હોય તો એક કાંકરે બે પક્ષી મરે . ચિલ્લરની કિલ્લતનો હલ મળે અને ચોકલેટ મળવાથી બાળકો પણ મોટો દલ્લો મળ્યો હોય તેમ રાજી થઇ જાય. સુલભ શૌચાલયની વપરાશ સમયે સમસ્યા ઘેરી બને. સુલભ શૌચાલયનો વપરાશ પરચુરણ પર જ નિર્ભર છે. ત્યાં તમે સોની નોટ આપો તો કેવી રીતે ચાલે?? તમારા બાકી નીકળતા છૂટા માટે સુ.શૌ. નો સંચાલક એમ ન કહે કે નેકસ્ટ ટાઈમ ફ્રી સેવા મળશે!! જગતમાં બધે એક સાથે એક ફ્રીની સ્કિમ હોય છે. ઘણી જગ્યાએ બેની ખરીદ પર એક ફ્રી કે એકની ખરીદી પર બે ફ્રી હોય છે!! પણ સુલભ શૌચાલયમાં લઘુશંકા સામે ગુરૂશંકા ફ્રી કે ગુરૂશંકા સામે લઘુશંકા ફ્રી એવી સ્કિમ લાવતા નથી, નહીંતર તહેલકા મચી જાય. ચોકલેટ સિસ્ટમ પણ હોતી નથી. કેટલાક સુગાળવા લોકો સુ.શૌ. સંચાલકના હાથની ચોકલેટ લે પણ નહીં.

કેટલાય વરસો સુધી પરચૂરણની બદલામાં કુછ મીઠા હો જાયે, મધુર રિશ્તો કી શરૂઆત કરે. કવિ રમેશભાઈ પારેખે દુકાનદારની દુકાને, છૂટા પૈસાની મારામારીમાં તમને ચોકલેટ દીધાનું યાદ એવા કાવ્યની પણ રચના ન કરી. આ દેશની ઉજળી અને ભવ્ય પરંપરા ડિજિટલ યુગના મંડાણ હેઠળ સમાપ્ત કરવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. ઓફ લાઇન પેમેન્ટની જગ્યાએ ઓનલાઇન પેમેન્ટ સિસ્ટમ આવી છે!! જેમાં તમે ખરીદેલી રકમની રકમ તમારે ડિજિટલી આરટીજીએસ કે અન્ય પધ્ધતિએ ટ્રાન્સફર કરવાની હોય છે. અલિબાબા અને ચાલીસ ચોર સ્ટોરી ફેઈમ અલીબાબાએ હવે પેટીએમ ચાલું કર્યું છે. યુપીઆઈથી પર પેમેન્ટ થાય છે. વોલેટ કે ક્રિપ્ટો કરન્સીની પેમેન્ટ થાય છે. આ રીતે કરેલ પેમેન્ટમાં પાંચથી દસ ટકા કેશ બેંક પણ ગ્રાહકના ખાતામાં જાય છે. જે ટ્રાન્જેકશન કેશ નથી તેવા ટ્રાન્જેકશનમાં વટાવ તરીકે -કેશબેકઆપવામાં આવે છે તેમાં કેશતત્વનો લોપ થાય છે. કેશનો છેદ ઉડી જાય એવો આ ભેદ છે!!

દેશના અનેક શહેરોમાં મારફતે લેણદેણનો ટ્રેન્ડ સતત વધી રહ્યો છે. જો કે થી ડિજિટલ પેમેન્ટના ચલણથી કેટલીક કંપનીઓને નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. મોંડેલેઝ, નેસલે, પારલે, આઈટીસી તેમજ માર્સ જેવી જાણીતી કંપનીઓની ચોકલેટ અને ટોફીનું વેચાણ ઘટ્યું છે. પહેલા કરિયાણાની દુકાને જ્યારે છુટ્ટા ન હોય ત્યારે તેઓ ગ્રાહકોને છુટ્ટાને બદલે ટોફી અને ચોકલેટ આપતા હતા પરંતુ હવે ને કારણે આ ઝંઝટ જ ખતમ થઈ ચૂકી છે. ટોફી અને કેંડી બનાવતી કંપનીઓએ ક્યારેય વિચાર્યું પણ નહીં હોય કે જેવી કોઇ ટેક્નોલોજી તેમની પ્રોડક્ટ્સના વેચાણ માટે ખતરો પણ બની શકે છે. ના વધતા ચલણને કારણે છુટ્ટા ના હોય ત્યારે ટોફી કે કેન્ડીના વેચાણમાં ઘટાડો આવ્યો છે. વર્ષ ૨૦૧૦માં મોંડેલેઝ, નેસ્લે, પારલે, આઈટીસી, માર્સ સહિતની મોટી કંપનીઓએ ચોંકાવનારો નફો રળ્યો હતો. જ્યારે, ૨૦૨૦ની વાત કરીએ તો મોટા ભાગની કંપનીઓની ચોકલેટના વેચાણમાં મોટા પાયે ઘટાડો જોવા મળ્યો છે.એક આઇડીયા બદલ દે દુનિયા !!

આપણે ઈચ્છીએ કે યમી યમી યમી ચોકલેટ યુગ ફરી પાછો આવે!!દુકાનદાર અને ગ્રાહકો વચ્ચે મીઠો ચોકલેટી સંબંધ પુનઃ સ્થાપિત થાય!!

ભરત વૈષ્ણવ...૧૩.૧૦.૨૦૨૨.

# વિશ્વશાંતિ કેન્દ્ર શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર, ઘોડાસર - અમદાવાદના ૩૨ મા વાર્ષિક પ્રતિષ્ઠોત્સવની પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં દબદબાભેર ઉજવણી





મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં વિશ્વ શાંતિ કેન્દ્ર શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર ઘોડાસર, અમદાવાદના ૩૨ મા વાર્ષિક પ્રતિષ્ઠોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. સર્વ પ્રથમ ધ્યાનસ્થ ગુરુદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપાનું પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે જનમંગલસ્તોત્રોચ્ચાર પૂર્વક પૂજન, અર્ચન, પુષ્પહાર અર્પણ કરી અન્નકૂટ ધરાવી પાટોત્સવની આરતી ઉતારી હતી. ત્યાર બાદ વિશ્વશાંતિ કેન્દ્ર શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર, ઘોડાસર - અમદાવાદના નિર્માતા શ્રી સ્વામિનારાયણ ભગવાનની સાર્વભૌમ નાદવંશીય ગુરુપરંપરાના પંચમ વારસદાર વેદરત્ન પરમ પૂજ્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજનું પૂજન અર્ચન કરી અન્નકૂટ ધરાવી પાટોત્સવની આરતી ઉતારી હતી. ત્યારબાદ મંદિરમાં બિરાજમાન સર્વાવતારી શ્રી સ્વામિનારાયણબાપા સ્વામીબાપાનું ષોડશોપચારથી પૂજન, અર્ચન કરવામાં આવ્યું. સંતો ભક્તો દ્વારા તૈયાર થયેલ અન્નકૂટ મહાપ્રભુને ધરાવી પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે તથા સંતો ભક્તોએ આરતી ઉતારી હતી.

આવા દિવ્ય પાવનકારી અવસરે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજે દિવ્ય આશીર્વાદમાં જણાવ્યું હતું કે, સ્મૃતિ મંદિરનું નામ આવતાં ગુરુદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપા અને વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની પરમ સ્મૃતિ થાય. વિશ્વભરમાં સ્મૃતિ મંદિર શાંતિનું કેન્દ્ર છે, જેના પ્રાંગણમાં પગ મૂકતાની સાથે જ અંતરમાં શાંતિનો શેરડો પડે છે. સ્મૃતિ મંદિર એવું ગુરુભક્તિનું એક અલૌકિક નજરાણું છે, જેને કોઈ ઉપમા ન આપી શકાય. જયારથી સ્વામીબાપાનો અંતિમ સંસ્કાર વિધિ ત્યાં કરવામાં આવ્યો અને મંદિરનું કામકાજ ચાલતું હતું તે પૂર્વે અને પ્રતિષ્ઠા થઈ ત્યારબાદ પણ ત્યાં અખંડ દીપની જ્યોત પ્રગટે છે. જે કોઈ ભકતોની અંતરકામના હોય તે શ્રદ્ધાળુઓ સ્મૃતિ મંદિરના દર્શનનો નિયમ રાખે છે. અખંડ જ્યોતમાં ઘી પૂરે છે, તેમના સંકલ્પો આજ દિન સુધી સ્વામીબાપાએ પુરા કર્યા છે. આજે પુરા કરી રહ્યા છે અને એમની અસીમ કૃપા છે કે ભવિષ્યમાં પણ પૂરા કરશે. આવું અદ્વિતીય સ્મૃતિ મંદિર ગુરુભક્તિનું નૌતમ નજરાણું, સર્વેને શાંતિ આપનારું છે. આવા દિવ્ય પાવનકારી અવસરનો લ્હાવો દેશ વિદેશના હજારો હરિભક્તોએ દબદબાભેર લીધો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO. 126
નામ : મોહનભાઈ આનંદ
વિષય : મનમેળ
શિર્ષક : મન જ મિત્ર છે.
શબ્દો: ૩૫૦.

સાધારણ રીતે જીવનની શરૂઆત મન બુદ્ધિ અને ઈન્દ્રિયો શરીર સાથે જોડાય અને કર્મ દ્વારા ઈચ્છા પૂર્તિ થાય, એટલે જીવને સુખ શાંતિ અને આનંદ ની અનુભૂતિ થાય છે. જયાં સુધી ?વ્યકિત વસ્તુઓ અને પરિસ્થિતિ
મનને અનુકૂળ હોય છે ત્યાં સુધી મજા આવે છે, જેવી પ્રતિકૂળતા આવી એટલે દુ:ખ દર્દ અશાંતિ અને અધોગતિ શરૂ થઈ જાય છે.

ભગવદગીતા સમત્વની વાત કરે છે, યોગ પણ સમતા સાધવા ની કળા શીખવે છે, ભક્તિમાં ભાવપૂર્ણ શરણાગતિ એટલે જ બધામાં ઈશ્વર જોવા,
જ્ઞાની તો વિતરાગ અવસ્થામાં સદૈવ સમત્વ ધારણ કરી આનંદમય જીવન જીવી રહ્યા છે. સંસારમાં વિષમતાઓ ઘણી છે, એના કારણો મર્યાદા છે,
દેશ કાળ પરિસ્થિતિ મુજબ, સંબંધો ઋણાનુબંધ વગેરેમાં જીવન ત્યાગપૂર્વક
ના જીવે તો ? સ્વાર્થ ના કારણે અસહજતા થાય, પરિણામે દુ:ખ થાય.

આપણું મન એ આપણું ઉત્તમ સાધન છે, ઉતમ મિત્ર છે, એમાં સ્ફુરતા સંકલ્પ વિકલ્પ જો બધાનું કલ્યાણ ઈચ્છે તો વૈમનસ્ય ઉભું ના થાય.તમે હંમેશા ખુશમિજાજ રહો,બધા સાથે એકતા રાખો સહદયી બનો, સદાય
ભાવનાત્મક અનુભૂતિ માં હ્દયથી લાગણી રાખો, છળકપટ ભર્યો વ્યવહાર કરવો નહીં, ત્યારે જ મનમેળ શક્ય છે.ગીતા માં કહ્યું છે, તમારું મન જ તમારૂં મિત્ર અને શત્રુ છે, તમે જેવો વ્યવહાર કરવો તેવું જ ફળ મળશે.

મનની શકિત અગાધ છે, એની ચૈતન્યતાનો અનુભવ તો એકાગ્રતા કેળવી ને
તૂર્યગા ભૂમિકા સુધી પહોંચતાં અનેકવિધ અનુભૂતિઓ થાય છે.તમે ક્ષિપ્ત, વિક્ષિપ્ત, એકાગ્ર ,તનુમાનસા, અસંસ્કતિ અને તૂર્યગા ભૂમિકાઓ ને સમજશો ધ્યાન દ્વારા તો તમારું મન બુદ્ધિ ચિત્ત અને અહંકારમાં ગજબની
શકિત ખીલશે, સિદ્ધિઓ મળશે મનમેળ તો બાલક્રિડા જેવું લાગશે.

મનની એકાગ્રતા માટે હંમેશા નામસ્મરણ ઉતમ છે, સગુણ સ્વરૂપના ધ્યાનમાં, અથવા યૌગિક ક્રિયાઓ અને ષટચક્ર માં ધ્યાન , તત્વોની સાધના
ભૂમિ,જળ અગ્નિ વાયુ ઈત્યાદિ કરવાથી મનની શકિતઓ વિકાસ પામે.મન
જ મુક્તિ અને બંધનનું કારણ છે. મનના બહિર્મુખી તથા અંતર્મુખી સ્વભાવ ને જાણી તેના ઉપર વિજય મેળવી એ ત્યારે જ મનની શકિતઓનો સદ ઉપયોગ કરવાની સમજણ પડે.

સમ્યકતા , સમદર્શી પણું, સાદગી , સહાનુભૂતિ, કરુણા ઈત્યાદિ ગુણોનો વિકાસ થાય તો મનમેળ સહજ સરળ બને, બધાય ચૈતન્યમય જીવોનું કલ્યાણ થાય. સંસાર સુખરૂપ આનંદમય ભાસે.

ૐ આનંદ ૐ શાંતિ ૐ...

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. 0059
વિષય: શબ્દ ★મનમેળ★
પ્રકાર: ગદ્ય લેખ
શીર્ષક: ★સૂખ ની ચાવી★
શબ્દો: ૩૪૫.
લેખક:જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

અગાઢ પરમ પૂન્યોદયે મળેલો માનવભવ, પણ
જન્મ થી મરણ સુધી,
સમસ્ત વિશ્ર્વનો દરેક માણસ,
માત્ર સૂખની ચાવી શોધવામાં રચ્યો પચ્યો રહેછે,અને આજે

માનવી ને નથી ફાવતું મા-બાપ સાથે,
નથી ફાવતું પતી- પત્ની ને,
નથી ફાવતું સમાજ સાથે,
પ્યારે' નથી ફાવથુ ખૂદના પરિવાર સાથે,
કોઈ તેને ★તન★ મા શોધેછે તો કોઈ તેને ★ધન★ માં ? તો કોઈ તેને ★જ્ઞાન★ મા શોધેછે તો કોઈ તેને ★વિજ્ઞાન★ માં ! પણ આજ સૂધી કોઈ સૂખ ને સહેલાઈથી શોધી શક્યુ નથી ,અને તેથી સાચા સૂખ થી છે, ★અજાણ★ ★માનવી★ ! જેમકે,

★કસ્તૂરી ઉત્પન્ન કરતો મૃગ !★

વિશ્ર્વમા રહેતો દરેક સમજદાર માનવ એટલું જાણેછે છે કે સૂખ કોઈ બાહ વસ્તુ થી નહીં જ મળે.

સૂખ તો માનવ મન ઉપર આધારિત છે, અને તેથીજ જૈન આચાર્ય ગુરૂ પૂ.કાનજીમુની તેના દરેક પ્રવચનમાં ભાર દઈને કહેતાં,
★અપેક્ષા એજ મોટું દૂ:ખ★,!

★પારકી આશા સદા નિરાસા★!
સનાતન સત્ય જણાવતો સિધ્ધાંત દરેક ધર્મમાં પણ સ્વિકાર્યછે.
★સૂખ તો મન ની માયા છે★

ટૂંક માં સાચા સૂખ ની સાચીચાવી,
મારી પાસે, તમારી પાસે અને આપણા સૌની પાસે પોકેટમા પડેલી જ છે, અને તે છે,
અરસ પરસ સાથેનો ★મનમેળ★

★મનમેળ★ ત્યારે જ શક્ય બને જો હોય તમારામાં જતું કરવાનો વિવેક,
ઉચ- નીચ ના ભેદ ભાવની બાદ બાકી,અને અન્યના નાના ગુણને પણ મોટો કરી બતાવવાની તમારી ઉતમ ભાવના !

★મનમેળ★ ,કોઈ મોટી સિધ્ધાંત ની વાત જ નથી,
વાત છે ★સાવ સરળ શાણપણની★ એટલેકે દરેક સાથે, ગમે તે સ્થિતિ કે પરિસ્થિતિ માં
જરૂર રહેછે ન્યોછાવર થવાની બન્નેની ભાવના. !

જેનું,સરળ, સમજવા જેવું અને આપણા જીવનમા અપનાવવા જેવુ, અનુપમ ઉદાહરણ એટલે...

★ગાંઠિયા ને જલેબી ની અતૂટ★ ★જુગલબંધી★

ન આકારની અપેક્ષા,
ન નાના- મોટાનો ભેદ !
ન કોઈ હરિફાઈ,
ન કોઈ લેણ-દેણ નો ભાવ,
ન કોઈને અરસ પરસ ના ટેસ્ટની ખોટી બડાઈ?
બંનેએ અરસ પરસ ને ખરામન થી કાયમ માટે અપનાવી લીધાછે,
તેથી ★આ જૂગલબંધી રાજ કરેછે માનવ મન ઉપર★. !

જીવો તો ખેલદીલી સાથે અરસ પરસ ના પ્રેમથી અને કાયમ રહો સાથે પ્યારે,★અતુટ મનમેળથી.★.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS N0: 0038
વિષય:- મનમેળ
વિભાગ :- પદ્ય
શીર્ષક :- જીંદગી

પાણીની જેમ વહે છે જીંદગી
જે ક્ષણ મળે તેને માણી ને
જીવી લેવા જેવી છે જીંદગી....

નથી મજા બધું લઈને જીવવામાં
કોઈનું દર્દ લઈને
જીવી લેવા જેવી છે જીંદગી....

કોઈના સારા ગુણ જોઈ ને
તો કોઈના અવગુણ ભૂલીને
જીવી લેવા જેવી છે જીંદગી.......

પથ્થરની જેમ વળી જીવવામાં શુ મજા
સરિતાની જેમ વહીને
જીવી લેવા જેવી છે જીંદગી.....

સુખનેદુ:ખ તો આવેને જાય આ જીવનમાં
જે મળ્યું એને મનભરીને
જીવી લેવા જેવી છે જીંદગી.....

માનવનો અવતાર મળવો મુશ્કેલ છે આ જગમાં
જેણે આપ્યો તેને ભજીને
જીવી લેવા જેવી છે જીંદગી...??
?? શીલા પટેલ "આકાંક્ષા"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOGSSNO-158
નામ :પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ'
વતન: સુરેન્દ્રનગર
વિષય: મનમેળ
પ્રકાર: પદ્ય (બાલગીત)
શીર્ષક:જુગલબંધી

જુગલબંધી... જુગલબંધી...
જુગલબંધી રે.!

ઘેર મારા કુત્તો બિલ્લી,
નામ પાડ્યાં મોતી મિની,
ભેગા રહે એક જ ફળિએ,
જુગલબંધી રે.!

રહે નહીં એકબીજા વિના,
ખાય-પીવે નહીં કોઈ વિના,
ભેગાં રહે ભેગાં સુવે,
જુગલબંધી રે.!

દૂધ ખાય રોટલી ખાય, ભેગાં મળી વહેંચી ખાય,
કરે ન એ તો ઝગડંઝગડી,
જુગલબંધી રે.!

પશુ મટી માનવ થયાં, આપણ કાં હેવાન થયાં?
વસુંધરા કુટુંબ એક જ નારો,
જુગલબંધી રે.!

માનવ તમે માનવ થાઓ,
માનવતાના ગીત ગાઓ,
'પ્રેમ' સહું ભારતવાસી એક બનો,
જુગલબંધી રે.!

આ રચના મારી સ્વરચીત અને અપ્રકાશિત છે.

# એમસીએક્સ પર ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૭૨ ઊછળ્યો: સોનાના વાયદાના ભાવમાં રૂ.૪૯૨ અને ચાંદીમાં રૂ.૮૫૭ની વૃદ્ધિ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

કોટન-ખાંડી વાયદો રૂ.૩૬૦ સુધર્યો: મેન્થા તેલ ઢીલુ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯,૭૨૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૬૦૭૨૪.૧૪ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧૪ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૬,૬૭,૩૬૮ સોદાઓમાં કુલ રૂ.૭૦,૪૫૮.૬૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯,૭૨૦.૧૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૬૦૭૨૪.૧૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૧,૪૯૪ સોદાઓમાં રૂ.૫,૯૪૫.૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭,૯૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૪૭૦ અને નીચામાં રૂ.૫૭,૯૩૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૯૨ વધી રૂ.૫૮,૪૧૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૮૮ વધી રૂ.૪૬,૬૩૫ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૦ વધી રૂ.૫,૮૩૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૦ વધી રૂ.૫૮,૦૮૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૯,૩૬૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૦,૦૩૦ અને નીચામાં રૂ.૬૯,૨૯૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૫૭ વધી રૂ.૬૯,૯૩૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭૮૭ વધી રૂ.૬૯,૯૪૫ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૮૦૮ વધી રૂ.૭૦,૦૦૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૨૭૫ સોદાઓમાં રૂ.,૯૧૪.૩૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓક્ટોબર વાયદો રૂ.૭૦૧.૨૦ના ભાવે ખૂલી, રૂ.૦.૯૦ વધી રૂ.૭૦૦.૮૦ જ્યારે એલ્યુમિનિયમ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦ કોઈ ફેરફાર વગર રૂ.૨૦૩.૫૫ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ ઘટી રૂ.૧૮૬ના ભાવ થયા હતા. જસત ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૨૨૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ ઘટી રૂ.૨૦૬.૧૫ સીસુ-મિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ ઘટી રૂ.૧૮૬.૧૦ જસત-મિની ઓક્ટોબર વાયદો રૂ.૦.૦૫ ઘટી રૂ.૨૨૦.૨૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫૮,૨૦૬ સોદાઓમાં રૂ.૨,૮૪૮.૫૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૯૬૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૧૯૦ અને નીચામાં રૂ.૬,૯૬૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૨ વધી રૂ.૭,૧૬૮ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨૭૨ વધી રૂ.૭,૧૬૯ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૭૮ના ભાવે ખૂલી, રૂ.૫ ઘટી રૂ.૨૭૩.૫૦ અને નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો ૪.૬ ઘટી ૨૭૩.૭ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૮,૯૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૧૬૦ અને નીચામાં રૂ.૫૮,૯૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૬૦ વધી રૂ.૫૯,૦૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૧૦ ઘટી રૂ.૯૧૦.૨૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૭૫૦.૬૬ કરોડનાં ૪,૭૨૬.૯૯૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૧૯૪.૫૪ કરોડનાં ૪૫૭.૪૮૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૫૪૮.૧૫ કરોડનાં ૨૧,૮૭,૬૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૩૦૦.૪૩ કરોડનાં ૪,૬૮,૮૫,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૦૫.૧૨ કરોડનાં ૫,૧૪૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૯.૦૧ કરોડનાં ૧,૫૬૧ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૯૬.૫૦ કરોડનાં ૮,૫૦૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૧૮૩.૭૨ કરોડનાં ૮,૩૩૯ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ..૮૫ કરોડનાં ૧૪૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૧.૧૫ કરોડનાં ૧૨૧.૩૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૧૩૬.૦૧૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૨૮૭.૦૯૯ ટન, તાંબાના વાયદાઓમાં ૨૭,૧૮૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૬,૮૪૯ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૮૫૯ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૫૨૦ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૭,૮૧,૮૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૬૯,૫૦,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૫,૭૧૨ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૫૦.૧૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૪.૩૪ કરોડનાં ૧૮૭ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૭૯૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૫,૩૦૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૪૦૫ અને નીચામાં ૧૫,૨૫૬ બોલાઈ, ૧૪૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૪૩ પોઈન્ટ વધી ૧૫,૩૯૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૬૦૭૨૪.૧૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧૧૬.૨૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૫૬.૩૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૩૮૦૯.૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૦૨૬.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૯૧૪.૦૨ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૪૬.૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૦.૬૦ અને નીચામાં રૂ.૪૧.૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૨.૧૦ વધી રૂ.૧૩૦.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૩૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૦ અને નીચામાં રૂ.૭.૧૫ રહી, અંતે રૂ.૨.૦૫ ઘટી રૂ.૮.૦૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧૮ અને નીચામાં રૂ.૩૭૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૨ વધી રૂ.૫૦૩ થયો હતો, જ્યારે સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૬ ખૂલી, ઊપરમાં રૂ.૫૨૮ અને નીચામાં રૂ.૨૯૬ રહી, અંતે રૂ.૧૮૦.૫૦ વધી રૂ.૪૮૩ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૫૨.૫૦ના ભાવે ખૂલી, રૂ.૩૩૨.૫૦ વધી રૂ.૧,૮૬૮ થયો હતો, જ્યારે

આભાર - નિહારીકા રવિયા ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૭૨ના ભાવે ખૂલી, રૂ.૩૨૭ વધી રૂ.૧,૯૧૫ થયો હતો. તાંબુ ઓક્ટોબર રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૫૨ ઘટી રૂ..૫૬ જસત ઓક્ટોબર રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૨ ઘટી રૂ.૨.૨૮ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૭ અને નીચામાં રૂ.૭૧.૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૬.૨૦ ઘટી રૂ.૭૭.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૭૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૯.૪૦ અને નીચામાં રૂ.૬.૫૦ રહી, અંતે રૂ.૧.૯૦ વધી રૂ.૮.૭૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૮.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૦૮.૫૦ અને નીચામાં રૂ.૫૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૭૯ ઘટી રૂ.૫૬૨ થયો હતો, જ્યારે સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૦ અને નીચામાં રૂ.૬૫ રહી, અંતે રૂ.૬૨ ઘટી રૂ.૭૦.૫૦ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૬૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૬૦ના ભાવે ખૂલી, રૂ.૪૩૨ ઘટી રૂ.૧,૪૨૧ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૬૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૧૯ના ભાવે ખૂલી, રૂ.૩૭૩ ઘટી રૂ.૧,૪૩૩.૫૦ થયો હતો. તાંબુ ઓક્ટોબર રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૫૫ ઘટી રૂ.૫.૪૫ થયો હતો.

# લાલ બહાદુર શાસ્ત્રીની ઉપેક્ષા



તાજેતરમાં બીજી ઓક્ટોબર ગઈ અને આખા દેશવાસીઓએ બીજી ઓક્ટોબરને ગાંધી જયંતિ તરીકે ઉજવી હતી. મહાત્મા ગાંધીજીની યાદમાં દર વર્ષે બીજી ઓક્ટોબરને ગાંધી જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીજીનાં માનાર્થે બીજી ઓક્ટોબરે શાળા, મહાશાળા તથા સરકારી કચેરીઓમાં રજાના દિવસ તરીકે જાહેર કરવામાં આવે છે. પરંતુ આજના દિવસે અન્ય એક મહા વિભૂતિનો પણ જન્મદિવસ છે અને એ મહા વિભૂતિનું નામ લાલબહાદુર શાસ્ત્રી છે. પરંતુ આજના દિવસે એમને જરાપણ યાદ કરવામાં આવતાં નથી એ આપણી બહુ મોટી વિટંબણા છે. આપણાં ઈતિહાસકારોએ, સાહિત્યકારોએ તથા આઝાદીનાં લડવૈયાઓએ જેટલું પ્રાધાન્ય અને જેટલું મહત્વ મોહનદાસ કરમચંદ ગાંધીને આપ્યું છે એનાથી અડધાં ભાગનું પ્રાધાન્ય શ્રી લાલબહાદુર શાસ્ત્રીને આપ્યું નથી. આઝાદીની લડતનો પાયો મહાત્મા ગાંધીએ નાંખ્યો એની ના નથી અને દેશ કાજે બધું ફના કર્યું પરંતુ લાલબહાદુર શાસ્ત્રીની સાદાઈ તથા દેશદાઝને નજર અંદાજ કરી શકાય નહીં. શાસ્ત્રીજી વામનમાંથી વિરાટ કદના નેતા બન્યાં હતાં. એમની આવડત, કામ કરવાની ઢબ, કાર્ય શકિતનો જોટો જડવો મુશ્કેલ છે. આઝાદીની ચળવળમાં એમનો ફાળો કાંઈ નાનોસૂનો ન હતો, પરંતુ કોઈ પણ અગમ્ય કારણોસર લાલબહાદુર શાસ્ત્રીની બીજી ઓક્ટોબરના દિવસે રીતસરની ઉપેક્ષા અને અવગણના જ કરવામાં આવે છે. જ્યારે ગાંધીજીની પ્રતિમાઓ તથા એમનાં સ્ટેચ્યુઓને સાફસફાઈ કરીને કાર્યકર્તાઓ તથા રાજકીય નેતાઓ ફૂલહાર પહેરાવીને પ્રાર્થના સભા તથા સાંસ્કૃતિક કાર્યક્રમો રાખીને પબ્લિકને બેવકૂફ બનાવે છે. જો દેશનાં આટલાં મોટાં પ્રભાવશાળી અને કાબેલ દેશનેતાની જન્મ જયંતીની અવગણના થતી હોય તો આના જેવું બીજું શું દુ:ખ કહેવાય?.

યોગેશભાઈ આર જોશી
હાલોલ: ૩૮૯૩૫૦, જિ.પંચમહાલ.

# એનિમલ હેલ્પલાઈન અને સમસ્ત મહાજન દ્વારા નવરાત્રિ દરમિયાન 'શાકાહાર જન જાગૃતિ અભિયાન' ચલાવાશે.

કરુણા ફાઉન્ડેશન, એનિમલ હેલ્પલાઈન – રાજકોટ અને સમસ્ત મહાજન દ્વારા નવરાત્રિ દરમિયાન 'શાકાહાર જન જાગૃતિ અભિયાન' ચલાવવામાં આવશે. આ અભિયાન અંતર્ગત કરુણા ફાઉન્ડેશનની ટીમ દ્વારા જુદા જુદા ગરબી મંડળો, સોસાયટી અને કાર્યક્રમોમાં જઈને શાકાહાર વિષે બાળકો અને તેમના માતા પિતાને સમજણ અપાશે. આ સાથે સેલ્ફી ઝોન પણ રાખવામાં આવશે.




વર્તમાન સમયમાં ચારેબાજુ પ્રદુષિત વાતાવરણને કારણે માણસોને ઘણા રોગો, સ્વાસ્થ્યને લગતી વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આવા સમયે બાળકોમાં નાનપણથી જ સ્વાસ્થ્ય જાળવવાનાં સંસ્કાર આવે એ હેતુથી આ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. ભારતનાં પ્રાચીન ઈતિહાસ પર નજર કરીએ તો ઋષિમુનીઓ પણ શાકાહાર કરવાની તેમજ શરીરને સ્વસ્થ રાખવા માટે આયુર્વેદને અનુસરવા જણાવ્યું છે. શાકાહાર તેમજ સ્વસ્થ જીવન શૈલી વિષે આવી જ રસપ્રદ વાતો, વાર્તાઓ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તેમજ વિડીયો પ્રેઝન્ટેશન સાથે બાળકો, વિધાર્થીઓ તેમજ જે તે સંસ્થાઓનાં સંભ્યોને સમજાવવામાં આવે છે.

સ્વસ્થ જીવનશૈલી અને શાકાહાર જનજાગૃતિ અભિયાનના વક્તવ્યમાં મોબાઈલનો મર્યાદિત ઉપયોગ કરવો,લીલા શાકભાજી અને ફળો આહારમાં વધુ પ્રમાણમાં લેવા, ઉપવાસ કરવા, પાણી વધારે પીવું, કસરત કરવી, વાંચન વધારવું, બહારના જંક ફૂડ ન આરોગવા, મેંદાયુક્ત પદાર્થો ન આરોગવા તદઉપરાંત ખૂબ જ મહત્વની બાબતમાં કેવી રીતે લોકોને માંસાહાર કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે અને માંસાહાર શા માટે ન કરવો જોઈએ માંસાહારથી થતા ગેરફાયદા, અને માંસાહારથી જીવ હત્યા જેવા ખૂબ જ મહત્વના મુદ્દાઓ વક્તવ્યમાં સમાવિષ્ટ કરવામાં આવે છે.

નવરાત્રિ દરમિયાન ગરબી મંડળ, સોસાયટી, કાર્યક્રમોમાં શાકાહાર અંગેનાં વક્તવ્યનું નિઃશુલ્ક આયોજન કરવા મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. 'શાકાહાર જન જાગૃતિ અભિયાન'નાં સમગ્ર આયોજનમાં ભારત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડનાં સભ્ય અને સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ સતત માર્ગદર્શન આપી રહ્યા છે

# કેન્દ્રીય નાણામંત્રી ભાગવત કરાડે એ પાટણ જિલ્લા ભાજપના હોદેદારો સાથે બેઠક યોજી

પાટણ જિલ્લાની મુલાકાતે આવેલા કેન્દ્રીય નાણામંત્રી ભાગવત કરાડે નવાસર્કિટ હાઉસ ખાતે જિલ્લાના પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં આવનાર લોકસભાની ચૂંટણીની સમીક્ષા કરવામાં આવી હતી. કેન્દ્રીય નાણામંત્રીએ પાટણ લોકસભામાં આવતી વિધાનસભાઓની કામગીરીની સમીક્ષા કરી હતી.સાથે સાથે ઉપસ્થિત કેન્દ્રીય નાણામંત્રીનું પાટણ લોકસભા પ્રભારી અશોકભાઈ જોષીએ ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતું.આ બેઠકમાં ડો સંજીવ ચોરસિયા,પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ ડો દશરથજી



ઠાકોર,પાટણ લોકસભા પ્રભારી અશોકભાઈ જોષી,જિલ્લા પ્રભારી જગદીશભાઈ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ નંદાજી ઠાકોર પાટણ જિલ્લા ભાજપ મહામંત્રી ભાવેશભાઈ પટેલ રમેશભાઈ સિંધવ સહિત જિલ્લાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



# વેજલપુર વોર્ડ ખાતે મલાવ તળાવ થી અમૃત કળશ યાત્રા યોજાય.

આજ રોજ વેજલપુર વૉર્ડ ખાતે મારી માટી મારો દેશ અંતર્ગત અમૃત કળશ યાત્રા યોજાય જેમા મ્યુનિસિપલ કાઉન્સિલર દિલીપ બગડીયા. આ કળશ યાત્રા મા કળશ વિધાનસભા ઈન્ચાર્જ લાલજી ભાઈ પટેલ .વોડ પ્રમુખ દેવાંગ મહેતા સકિય કાયકતા મિલન પાઠક તેમજ મોટી સંખ્યા મા જોડાયા હતા

# લહેરાઈ જઈશ

સુગંધ છું ફૂલની હવામાં લહેરાઈ જઈશ,
ન કરશો કેદ હથેળીમાં નહીં તો વિખેરાઈ જઈશ

એકાંતની એકલતામાં પણ સહેમી જાઉં છું,
ભૂલથી પણ આવ્યો સ્વપ્નમાં તો રેલાઈ જઈશ

દુરતાં ની હવે કોઈ વાત નથી કરવી,
સામીપ્ય જો પાંગરે,તુજમાં સમેટાઈ જઈશ.

હવે તારું આવવું મુજ તક સપનું બન્યું ,
જો આવીશ તો તુજને વીંટળાઈ જઈશ.

તારા આવવાના આભાસે ધડકે છે દિલ 'આશા '
નજર થી નજર મળશે તો શરમાઈ જઈશ.
(પ્રફુલ્લા॰આશા॰રાજકોટ)




તાજેતરમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ ખાતે યોજાયેલ યુવક મહોત્સવમાં અનેકાનેક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ આ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ સંલગ્ન પેટલાદ સ્થિત ૧૩૩ વર્ષ થી ચાલી આવતી ★શ્રી રાજકીય સંસ્કૃત પાઠશાળા પેટલાદ★ ના છાત્ર શ્રી અજયકુમાર અશોકભાઈ જોષીએ આપણી શ્રી રાજકીય સંસ્કૃત પાઠશાળા પેટલાદ નું નામ રોશન કરતા રંગોળી સ્પર્ધામાં સુવર્ણપદક( ગોલ્ડ મેડલ ) તેમજ કુમારી શ્રી વંદના રમેશભાઈ ભરડવાએ નીચે દર્શાવેલ અલગ અલગ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય અને દરેક સ્પર્ધામાંથી નીચે દર્શાવેલ ચાર સ્પર્ધામાંથી ત્રણ રજત પદક અને એક કાંસ્ય પદક મેળવીને પોતાનું તેમજ પોતાની પ્રિય પાઠશાળા શ્રી રાજકીય સંસ્કૃત પાઠશાળા પેટલાદ નું ગૌરવ વધાર્યું છે ૧) યોગ સ્પર્ધામાં રજત પદક( સિલ્વર મેડલ )૨) ૧૦૦ મિટર દોડ સ્પર્ધામાં રજત પદક ( સિલ્વર મેડલ ) ૩) ૨૦૦ મિટર દોડ સ્પર્ધામાં કાંસ્ય પદક ( બ્રોન્ઝ મેડલ ) ૪) ૪૦૦ મિટર દોડ સ્પર્ધામાં રજત પદક ( સિલ્વર મેડલ )

# પંચમહાલ જિલ્લા ગોધરા મજૂર અદાલત દ્વારા ૫૦% પેનલ્ટી તેમજ ૧૨% વ્યાજ અંતિમ સંસ્કારની રકમ ચૂકવી આપવા નો આદેશ

પંચમહાલ જિલ્લા ગોધરા મજૂર અદાલત દ્વાર કામદાર વળતર ધારા ૧૯૨૩ ની કલમ ૪ ની જોગવાઈ હેઠળ ગુજરનારના વારસો ને રૂપિયા ૭,૯૭,૬૦૦ તથા તે રકમ ઉપર ૫૦% પેનલ્ટી તેમજ ૧૨% વ્યાજ અંતિમ સંસ્કારની રકમ ચૂકવી આપવા નો આદેશ

પંચમહાલ જિલ્લા ગોધરા ખાતે આવેલ મજુર અદાલત સમક્ષ અકસ્માત પામેલા ટ્રક ડ્રાઈવર જેઓ વર્ષોથી સામા વાળા ટ્રક માલિક જુબેદાબેન મહંમદ બીબ બંધી ની ટ્રક નંબર જી જે ૬ ઝેડ ૮૧ ૩૫ ઉપર વર્ષોથી ડ્રાઈવર તરીકે બજાવતા અરવિંદભાઈ જેવોનો તારીખ ૧ ૧ ૧૫ ના રોજ ફરજ ઉપર હાજર હતા તે સમય દરમિયાન અંકલેશ્વર નજીક વડોદરા મુંબઈ હાઈવે ઉપર આવેલ તિરંગા હોટલ પાસે અકસ્માત થતા તેમનું અકાળે અવસાન થઈ જતા તેમના વાલી વારસ જશોદાબેન અરવિંદભાઈ પટેલિયા ની વારસ પત્ની તેમજ અન્ય વારસો એ જનરલ વર્કર યુનિયન ના પ્રમુખ જે કે વેદ નો સંપર્ક કરી મજુર અદાલત ગોધરા સમક્ષ ટ્રક માલિક અને ધી ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની ગોધરા સામે વળતરનો દાવો દાખલ કરેલ એનો ‌ુ૪ ફેટલ કેસ નંબર ૧૬ / ૧૫ થી દાખલ કરવામાં આવેલ જે કેસ ચાલી જતા અરજદાર તરફે જે કે વૈદ હાજર રહી ધારદાર દલીલો કરતા તારીખ ૪ ૧૦ ૨૩ ના રોજ મજૂર અદાલત ગોધરા સમક્ષ કરેલ જે પડેલા પુરાવા આધારિત દલીલો ધ્યાને લઈ પંચમહાલ જિલ્લા ની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નિમાયેલ કમિશનર શ્રી એચ એ મકા દ્વારા આખરી હુકમ કરતા ગુજરનાર વારસોને વળતર પેટે રૂપિયા ૭,૯૭,૬૦૦ તથા ૫૦ ટકા પેનલ ટી ની રકમ ?૩,૯૮,૮૦૦ અંતિમ ક્રિયા માટે રૂપિયા ૫૦૦૦ તેમજ ખર્ચ પેટે ?૫,૦૦૦ ચૂકવવાનો સામા વાળાઓને આદેશ કરેલ છે આદેશથી મૃતકના પરિવાર તે રકમ મળવાથી આર્થિક રાહત અનુભવી છે

પ્રમુખ એ.એસ ભોઈ કાલોલ પંચમહાલ




રોટરી ક્લબ ઓફ બોરીવલીદ્વારા વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે નિમિત્તે માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ પદયાત્રા નું આયોજન કર્યુ હતું. પદયાત્રા દરમિયાન રોટરી ક્લબ ઓફ બોરીવલી સાથે અભિનવ વિધ્યા મંદિર નાં પ્રિન્સિપાલ વાલકર સાથે અનેક વિદ્યાર્થી તથા અન્ય સહ યજમાન રોટરી ક્લબ મુંબઈ નેશનલ પાર્ક, મીરા રોડ , બોરીવલી વન્ડર , વસઈ અને મુંબઈ કાંદિવલી જોડાયા હતાં. પ્રમુખ રશ્મીકાંત સંઘવી મુખ્ય અતિથિ પ્રફુલ શર્મા અતિથિ વક્તા ડૉ. પ્રતિક સુરંદાશે, એજી પ્રમોદ પુરી, સહ-યજમાન ક્લબના પ્રમુખો જિલ્લા એવન્યુ અધ્યક્ષ ડૉ. ધર્માજી શિંદ , સહ અધ્યક્ષ આનંદ ભટકલ, એજી મોના જ્ઞાની હાજર રહ્યાં હતા

# એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના માનદ સદસ્ય, એનીમલ હેલ્પલાઈનના સેક્રેટરી, જૈન સમાજના યુવા અગ્રણી પ્રતિક સંઘાણીનો તા.૧૫, ઓક્ટોબર,ના રોજ જન્મદિવસ.

સૌરાષ્ટ્રનાં સેવા જગતમાં અનેરૂ નામ ધરાવતાં, યુવા–તરવરીયા, પ્રખર જીવદયા પ્રેમી, સેવાક્ષેત્રનો પ્રતિષ્ઠીત "ગારડી એવોર્ડ" વિજેતા, પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા પણ સન્માનીત, એનીમલ હેલ્પલાઈનનાં સેક્રેટરી તથા જૈન સમાજના યુવા અગ્રણી પ્રતિક સંઘાણીનો તા. ૧૫, ઓકટોબર, રવીવારના રોજ જન્મ દિવસ છે. પ્રતિક સંઘાણી રાજકોટની શ્રી કરૂણા ફાઉન્ડેશન સંચાલીત એનીમલ હેલ્પલાઈન તથા અન્નક્ષેત્ર અને નિઃશુલ્ક વેટરનરી હોસ્પીટલ–શેલ્ટર, જીલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમીતીના જોઈન્ટ સેક્રેટરી છે તેમજ સમસ્ત મહાજન, એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા, સદભાવના વૃધ્ધાશ્રમ, ગીરગંગા પરીવાર ટ્રસ્ટ, પીપલ ફોર એનીમલ્સ, બ્યુટી વિધાઆઉટ ક્રુઆલ્ટી, વિવેકાંનદ યુથ કલબ, થેલેસેમિયા જનજાગૃતિ સમીતી, દિકરાનું ઘર વૃધ્ધાશ્રમ, મિત્ર ફાઉન્ડેશન, ગુજરાત રાજય ગૌશાળા પાંજરાપોળ સંઘ, વિવિધ ગૌશાળા અને પાંજરાપોળો સાથે ખૂબ જ સક્રિય રીતે જોડાયેલા છે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે એનીમલ કરૂણા એમ્બ્યુલન્સ અને જીવદયાના વિવિધ પ્રોજેકટ કરવા માટે સતત સક્રિય, જીવદયાના પ્રશ્નો અંગે દેશના અનેક રાજયોમાં સતત પ્રવાસ કરતા તેમજ ગુજરાત જીવદયા પ્રેમી પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે 'જીવદયા રત્ન એવોર્ડ', ભારત ભામાશા પૂ. દિપચંદ ગારડીના હસ્તે 'ગાર્ડી એવોર્ડ', જૈન સમાજ દ્વારા 'જૈન રત્ન એવોર્ડ' પ્રાપ્ત કરેલા છે. પ્રતિકભાઈ એ સ.ત્ન.સ.ઝ, સ઼ૈૈૈન્ન, સુધી ઉચ્ચ અભ્યાસ કરેલ છે. અગીયાર વર્ષ પૂર્વે, દુષ્કાળ જેવી પરિસ્થિતીને લઈને ૩૫૦૦ જેટલા અબોલ જીવો, ગૌમાતા માટે કરાયેલાં ૬ કેટલ કેમ્પોનાં સંચાલનમાં નિમીત બનેલા પ્રતિક સંઘાણી વ્યવસાયે કોર્પોરેટ ઓફીસ સ્ટેશનરી સપ્લાયર્સ છે. જન્મદિનનાં મંગલ પ્રસંગે ખાસ કરીને બાળકો તરૂણો, યુવાનોમાં શાકાહારનો પ્રચાર-પ્રસાર થાય, માંસાહારનો ત્યાગ થાય તેવાં ઉમદા હેતુથી ' વેજીટેરીયન સોસાયટી'' ને ધમધમતી કરવાના પ્રણ સાથે સેવારત અને અભયદાન પ્રવૃતિમાં સવિશેષ અભિરૂચી ધરાવતાં તેમજ કતલખાને જતા જીવ બચાવવા અંગે રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કક્ષાએ કામગીરી કરી રહેલા પ્રતિક સંઘાણીને ભગવાન મહાવીર, માતુશ્રી છાયાબેન દિલીપભાઈ સંઘાણી, પિતા શ્રી દિલીપભાઈ હરસુખભાઈ સંઘાણી, લાખો અબોલ જીવોના આશીર્વાદ પ્રાપ્ત થઈ રહયાં છે, પત્ની શ્રીમતી કિંજલબેન સંઘાણી ના સતત સહકાર સાથે અને વ્હાલી દિકરી આંગી અને પુત્ર જીનાંશના પ્રેમ સાથે જીવનનાં આગામી વર્ષોમાં જીવદયા—ગૌસેવા, માનવતા, દર્દી નારાયણ તેમજ દરીદ્રે નારાયણના લાભાર્થે મહત્વનું પ્રદાન કરવાનાં સ્વપ્નને સાર્થક કરવાનું ધ્યેય ધરાવતાં પ્રતિક સંઘાણીને આશીર્વાદ આપવા મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩ પર સંપર્ક કરવો.

# શું આપણા ને દેશ ભક્ત અને દેશ ભક્તિ નો અર્થ ખબર છે?

એક નિવૃત મેજર ગૌરવ આર્યા સરનો એક વિડિઓ હાલ ખુબ ચર્ચામાં છે.ભારતીય સેનામાં કામ કરી ચૂકેલા મેજરે વિડિઓમા દેશની સરકાર અને દેશની બહુમતી પ્રજાના કહેવાતા દેશપ્રેમ ઉપર આકરા પ્રહાર કર્યા છે સાથોસાથ આપણે વિચાર કરવા મજબુર કરી મૂકે એવા કેટલાક સવાલ કર્યા છે આ વિડિઓમા મેજરે આપણા દેશભક્તિના બેવડા ધોરણના છોતરા ફાડી નાખ્યા છે.

આ વિડિઓમા મેજર કહે છે બૉલીવુડ કહે છે અમને પાકિસ્તાન ના કલાકારો જોઈએ છે પાકિસ્તાનના સંગીતકારો જોઈએ છે આપનું ક્રિકેટ બોર્ડ કહે છે અમને પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવું છે આપણે પાકિસ્તાન જઈ ક્રિકેટ રમતા નથી પણ શ્રીલંકા યુ.એ.ઈ.દુબઈ કે શારજહાં જઈને પાકિસ્તાન સાથે ક્રિકેટ રમી લઈએ છીએ

મેજર આગળ મહત્વનો સવાલ કરે છે પાકિસ્તાન સામે દુશ્મની કોની છે? બૉલીવુડની નથી.ક્રિકેટરોની નથી એકસો ચાલીસ કરોડ ભારતીયો પાકિસ્તાન સામેની મેચ જોવા માંગે છે કામ ધંધા પર રજા પાડવા માંગે છે મોટા સ્ક્રીન પર મેચની મજા માણવા માંગે છે ટિકિટ કાળાબજારમા લેવા તૈયાર છે એનો મતલબ પાકિસ્તાન સામે દુશ્મની માત્ર ને માત્ર ભારતીય સેનિકોની જ છે? જરા વિચારો

મેજરે બહુ મોટો સવાલ કર્યો છે શું રાષ્ટ્રીય સુરક્ષાનો ઠેકો માત્ર ભારતીય સેનિકોએ જ લીધો છે?

પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ રમાય બોલીવુડવાલા પાકિસ્તાનીઓને લઈને પિક્ચર બનાવે ગીતો બનાવે અને દેશના જવાનોને સરહદ પર મુકી દો અમે તો પાકિસ્તાન સાથે મોજ મજા કરીશું સેનિકોને બોર્ડર પર શહીદ થવા દો.દોસ્તો આ વાત બિલકુલ બરાબર નથી

આખી દુનિયામાં કોઈ પાકિસ્તાન જવા તૈયાર નથી કોઈ દેશ પાકિસ્તાનને આવકારવા તૈયાર નથી પાકિસ્તાન માત્ર આર્થિક જ નહી રાજદ્વારિ સલામતી અને પ્રતિષ્ઠા રીતે પણ લાઈફ સપોર્ટ સિસ્ટમ પર છેમેજરે આપણી સેનાના જાંબાઝ જવાનો વિશે જે વાત કરી છે તે એકદમ સાચી છે.આપણા દેશમાં દેશભક્તિનો ઠેકો માત્રને માત્ર ભારતીય સેનાએ જ લીધો નથી.આપણી બધાની ફરજઆપણા જવાનો પાકિસ્તાનના બદઈરાદા સફળ ના થાય એ માટે જીવ આપી રહ્યા છે અને આપણે ભારત પાકિસ્તાનની મેચ જોઈ ખુશ થઈએ આ અત્યંત શરમજનક કહેવાય આપણામાં દેશપ્રેમ હોય તો પાકિસ્તાન સાથેના તમામ સંબધો પર તાત્કાલિક પૂર્ણવિરામ મુકી દેવું જોઈએઆપનું બૉલીવુડ ક્રિકેટ બોર્ડ કે સરકાર એ ના કરે તો આપણે આપણો અવાજ બુલંદ કરવો જોઈએસોશિયલ મીડિયા પર પાકિસ્તાન ભિખારી થઈ ગયું છે એવી પોસ્ટ મુકી ખુશ થવું દેશભક્તિ નથી પણ જે દેશ આપણા સેનિકોને મારી રહ્યો છે તેની સાથે કોઈ પણ પ્રકારના સંબધો નહી રાખવા માટે અવાજ બુલંદ કરવો જોઈએ આપણી સેનાના ઝાંબાઝ સેનિકોની સાથે ઉભા રહેવું એ દેશભક્તિ છે.દેશભક્તિના બેવડા ધોરણ છોડીને સાચી દેશભક્તિ બતાવવાનો સમય આવી ગયો છે એમ લાગતું નથી?

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત




રોટરી ક્લબ બોરીવલી , બ્રહ્માકુમારીઝ, લાયન્સ ક્લબ મુંબઈ ચેમ્પ્સ અને સબર્બન ડાયગ્નોસ્ટિક્સ ના સહયોગથી બ્રહ્મકુમારી સેન્ટર, બોરીવલી-ઈસ્ટ ખાતે મેઘા આરોગ્ય તપાસ શિબિર હાથ ધરી હતી. ડોકટરોની પેનલે ૮ વિવિધ પ્રકારના મેડિકલ ટેસ્ટ કર્યા હતા. સવારે ૧૦.૦૦ વાગે ચેક કેમ્પની શરૂઆત થઈ. બ્રહ્માકુમારીના શીતલબેન- પ્રમુખ રશ્મીકાંત સંઘવી, લાયન્સ ક્લબ મુંબઈ ચેમ્પના પ્રમુખ વિજય મહાજન અને લાયન્સ ડો. કે. મુદ્દાસિર, જેમણે સભાને સંબોધન કર્યું. . બ્રહ્માકુમારીઝ સેન્ટરના હોલમાં રિબીન કાપીને શીતલબેનના શુભ હસ્તે શિબિરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. લગભગ રૂપિયા ૪૦૦૦ ના મૂલ્ય ના તપાસની નિઃશુલ્ક કરવામાં આવી હતી. ૧૨૨ વ્યક્તિએ સેવા નો લાભ લીધો હતો. આશા સંઘવી, અશ્વિન ગાલા, કેતન શાહ રોબિન લાસરાડો, એડવો. સુમેધા રાવ પણ પ્રોફેસર ડી.પી.મહેતા એ શિબિર નું સંચાલન કર્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.